ગાંધીનગર સમાચાર

**દાંડીકુટીરની મુલાકાત માટે ફી વસુલવાનો નિર્ણય રદ કરવા મુખ્યમંત્રીને રજુઆત**

# શહેરમાં રાત્રે વિજકડાકા સાથે વરસાદના છાંટણા

## ગત રાત્રિના ગાજવીજ સાથે વરસાદી છાંટણાં :કમોસમી વરસાદના એંધાણથી ખેડુતો ઘઉંના પાકને અનુલક્ષી ચિંતામાં ગરકાવ : આજે પણ દિવસે વાદળિયુ વાતાવરણ યથાવત

ગાંધીનગર તા ૨૬

શહેરમાં ગતરાતે વિજકડાકા સાથે વરસાદી છાંટણા પડયા હતા. છેલ્લા એક મહીનામાં સતત બીજીવાર વરસાદી વાયરો વાતા ખેડુતોમાં ચિંતાનુ મોજુ પ્રવર્તયુ હતુ. રાત્રિના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટા સાથે પવન ફુંકાયો હતો.ગગનભેદી વીજકડાકા સાથે છાંટણા પડયા હતા. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહયુ હતુ. વરસાદી વાયરાથી ખેડુતો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. ઘઉંની સિઝનના ટાંણે વરસાદના એંધાણથી ભુમિપુત્રોની નજર નભ તરફ મંડરાઈ છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી મૌસમના વિચિત્ર મિજાજના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ત્યારે ગરમી ઠંડીના માહોલ વચ્ચે વરસાદી વાયરો ફુંકાતા ખેડુતો પણ ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. ગત રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો.આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા.વરસાદી વાયરા વચ્ચે ગગનભેદી વિજકડાકાથી નગરજનો બે ઘડી ડઘાઈ ગયા હતા. અસહ્ય વિજકડાકાના લીધે ગમે ત્યારે વરસાદ ખાબકે તેવા અંધાણ વર્તાયા હતા. જો કે થોડીવારમાં જ વરસાદી છાંટણા વરસતા ગરમીની ઋતુના ટાંણે અષાઢી માહોલ જોવા મળ્યો હતો. વરસાદના આગમનથી ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી હતી. હાલ ઘઉંના પાકની વળતી સિઝન દરમિયાન વરસાદી વાયરો ફુંકાતા ખેડુતોમાં ચિંતા પ્રવર્તી હતી. ચિલોડા વિસ્તારમાં પણ વાતાવરણ પલ્ટાના લીધે ખેડુતોના જીવ ઉંચા થઈ ગયા હતા.

એકબાજુ પોષણક્ષમ ભાવના અભાવે ખેડુતોએ આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે.ત્યારે વરસાદના અંધાણથી ખેડુતોની હાલત હાલ દયાજનક બની છે. મૌસમનો મિજાજ બદલાતા ખેડુતોની નજર પણ નભ તરફ મંડરાઈ છે.ગાંધીનગર જિલ્લામાં પણ ઘઉં અને શાકભાજીનુ વાવેતર વધુ થયુ છે. ત્યારે કમોસમી વરસાદના લીધે પાકને નુકશાન થવાની ભીતીથી ખેડુતોમાં ચિંતા પ્રવર્તી છે. ગતરાતના ગાજવીજ સાથે વરસાદી છાંટા પડયા હતા. જયારે આજે પણ સતત બીજા દિવસે દિનભર વાદળિયુ વાતાવરણ યથાવત રહયુ હતુ. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૮ ડી ગ્રી તેમજ લઘુત્તમ તાપમાનનો પારો ૨૫.૫ ડીગ્રી રહયો હતો. સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૪૩ ટકા રહયુ હતુ.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઉનાળાનું આગમન - શહેરના હાર્દ સમા વિસ્તાર સ્વર્ણિમ પાર્કના રંગબેરંગી ફુવારાઓ માણવા નાગરિકો પરિવાર સાથે ઉમટે છે... ગરમીથી રાહત મેળવવા નયનરમ્ય ફુવારાની આસપાસ પરિવારો ગોઠવાય છે... સી.બી.એસ.સી. અને ધોરણ-૧૦,૧૨ ની પરીક્ષાઓ સંપન્ન થતાં વિદ્યાર્થીઓનો એક સમુહ હળવાશનો માહોલ અનુભવે છે...

# ધોરણ-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષાને અનુલક્ષી આજે બેઠક વ્યવસ્થા જાણવા કેન્દ્રો ખુલ્લા રહેશે

ગાંધીનગર તા ૨૬

ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ આજે વિવિધ પરિક્ષા કેનદ્રો પર બેઠક વ્યવસ્થા જાણી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ધોરણ-૧૧ દ્રિતિય સેમેસ્ટરની પરિક્ષામાં જિલ્લામાંથી અંદાજિત ૬૦૬૦ જેટલા વિદ્યાર્થીઓ પરિક્ષા આપશે. જયારે પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવામાં આવી છે.

ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડ પરિક્ષા પુર્ણ થયા બાદ હવે આગામી સોમવારથી ધોરણ ૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષા શરૂ થશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને

**પરીક્ષા કેન્દ્રો પર સવારે ૯ થી ૧૨ દરમિયાન વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થા જાણી શકશે**

૧૨ ની બોર્ડ પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયા બાદ તા ૨૮ માર્ચથી ધોરણ ૧૧ સેમેસ્ટરની પરિક્ષા લેવાશે ધોરણ ૧૧ ની પરિક્ષામાં જિલ્લામાંથી ૬૦૬૦ જેટલા વિદ્યાર્થીઓ હાજરી આપશે. જયારે પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની ચૂંટણીનું જાહેરનામુ મંગળવારે કે બુધવારે

## સોમવારથી ઈ-વોટર્સના રજીસ્ટ્રેશનનો પ્રારંભ થશે : તંત્ર દ્વારા પણ તૈયારીઓનો ધમધમાટ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી અંગેની વિધિવત્ ઘોષણા આગામી સપ્તાહના આરંભે મંગળવારે અથવા બુધવારે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરી દેવાશે. બીજી તરફ રાજ્ય ચૂંટણી પંચે આ મનપાની ચૂંટણી માટે ૨૮મીથી ઈ-વોટીંગ માટેની ઝુંબેશનો પણ વિધિવત્ પ્રારંભ કરવાની સૂચનાઓ આપી દીધી છે.

મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી અંગેની વિધિવત્ ઘોષણા આગામી સપ્તાહમાં થશે અને એપ્રિલના ત્રીજા સપ્તાહના અંતમાં અથવા ચોથા સપ્તાહની મધ્યમાં મતદાન યોજાશે અને ચોથા સપ્તાહમાં જ ચૂંટણીનું પરિણામ પણ જાહેર થઈ જાય તે રીતે આખુ આયોજન આખરી કરી દીધુ હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ચૂંટણી પંચ દ્વારા ૨૯ અથવા ૩૦મી માર્ચના રોજ આ અંગેની વિધિવત્ ઘોષણા કરી દેવાશે અને તે જ દિવસથી શહેરમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ જશે.

દરમ્યાન આ બીજી સામાન્ય ચૂંટણી માટે ઈ-વોટર્સના રજીસ્ટ્રેશનની પ્રક્રિયાનો પ્રારંભ પણ સોમવારથી થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ દ્વારા પમી એપ્રિલે કિસાન પદયાત્રા

ગાંધીનગર, તા. ૨૬

કિસાન રેલી ભાજપ દ્વારા યોજવામાં આવ્યા બાદ આગામી પમી એપ્રિલના રોજ કિસાન પદયાત્રા રાજ્ય સરકાર દ્વારા યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા દિવસો અગાઉ ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળી હતી. જેમાં રાજ્યના મુખ્ય સચિવે પમી એપ્રિલના રોજ કિસાન પદયાત્રા યોજવામાં આવનાર હોવાનું જણાવીને ખેડૂતોને સ્પર્શતી વિવિધ જુદા જુદા વિભાગોને સંબંધિત બાબતો અંગેની વિગતો સંકલીત કરી આ કાર્યક્રમ માટે નાની પુસ્તિકા પ્રકાશિત કરવા કૃષિ અને સહકાર વિભાગને સૂચના આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગ્રામ વિકાસ મહેસૂલ, ઊર્જા વિગેરે પ્રભાગ વિભાગોની બાબતોનો આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત પ્રધાનમંત્રી પશુ વીમા યોજના અન્વયે કાર્યવાહી કરવા પણ કૃષિ અને સહકાર વિભાગને માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ એગ્રો બીઝનેસ પોલીસી, કુટીર ઉદ્યોગ નીતિ, ડિફેન્સ ઈક્વિપમેન્ટ પ્રોડક્શન, પીપીપી મોડેલ હેઠળ આરોગ્ય સેવાઓ પુરી પાડવા સહીતની બાબતો અંગે પણ સંબંધીત વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં પ્રદેશ ભાજપ દ્વારા વિવિધ જિલ્લાઓમાં કિસાન રેલીનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. આ કાર્યક્રમ દરમ્યાન પમી એપ્રિલે હવે કિસાન પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

# દાંડીકુટીરની મુલાકાત માટે ફી વસુલવાનો નિર્ણય રદ કરવા મુખ્યમંત્રીને રજુઆત

## શહેર વસાહત મહામંડળ દ્વારા પ્રવેશ ફીના હુકમને રદ કરવા માટે રજુઆત

ગાંધીનગર તા ૨૬

મહાત્મા મંદિર નજીક સ્થિત દાંડી કુટીરની મુલાકાત માટે ફી નો દર નિયત કરવામાં આવ્યો છે. ગુજરાતમાં મહાત્મા ગાંધીના કોઈપણ સ્મારકની મુલાકાત માટે પ્રવેશ ફી નિયત કરવામાં આવી છે કે નહી તે અંગેની યોગ્ય તપાસ પણ કરવામાં આવી નથી. ત્યારે આ ફી ના દર રદ કરી આમ નાગરિકો માટે વિનામુલ્યે પ્રવેશ માટેની નીતિ નક્કી કરવામાં આવે તેવી રજુઆત શહેર વસાહત મહામંડળ દ્વારા કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર


**જન્મદિને વધામણી**



**શ્રી મિતુલ જોષી**

આજે આપના જન્મદિને અંતરના ઉમળકાથી શુભકામનાઓ પાઠવીએ છીએ... આપનું જીવન હંમેશા ગતિ-પ્રગતિમય રહો એવી મનોકામના વ્યક્ત કરીએ છીએ..

આપના જીવનની પળે-પળ પર્વ બની રહે એવી પરમ તત્વને વંદના કરીએ છીએ...





**યશ અશ્વિનભાઈ કોટવાલ** (પ્રમુખ, વિજયનગર તાલુકા પંચાયત)

**મેહુલ વી. ચૌધરી** (પ્રમુખ, ખેરાલુ NSUI, અને બિલ્ડર)


## જાણીતા પત્રકાર કીશોર અંજારીયાના બહેનનુ અવસાન

ગાંધીનગર તા ૨૬

સિનિયર પત્રકાર કિશોર અંજારીયાના નાના બહેન ગંગાસ્વ નિતાબેન પુજારા ઉ.વ.૫૮નુ આજે રાજકોટ ખાતે દુખદ અવસાન થયુ છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી કમળાની બિમારીથી પીડીત હતા. તેમના અવસાનથી રાજકોટ તેમજ ગાંધીનગરના મીડીયા જગતમાં પણ શોકની લાગણી વ્યાપી છે.

## આસારામના વધુ એક સાધક કિરણની અંતે ધરપકડ કરાઈ

અમદાવાદ,તા. ૨૬

ત્રણ વર્ષ અગાઉ અમદાવાદમાં આવેલા આસારામ આશ્રમની જમીનની તકરાર બાબતે લાલા ઠાકુર પર થયેલા ફાયરિંગના સંબંધમાં આસારામ આશ્રમના વધુ એક સાધકની રાજકોટ ખાતેથી ધરપકડ કરી લેવામાં આવી છે. અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ધરપકડ કરવામાં સફળતા મળ્યા બાદ ચોંકાવનારી વિગતો ખુલે તેવી શક્યતા છે. શાર્પશૂટર કાર્તિકની ધરપકડ કરવામાં આવ્યા બાદ હવે ચાંદખેડાના ફાયરિંગના મામલે કાર્તિકના સાગરિતની ધરપકડ કરાઈ છે. કાર્તિકના સાગરિત શેખરની રાજકોટમાંથી ધરપકડ કરાઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ આસારામ સંલગ્ન કેસમાં સંડોવાયેલા અને નાસતા ફરતા આરોપી પૈકી વર્ષ ૨૦૧૩માં ચાંદખેડા ખાતે ધર્મેન્દ્ર ઉર્ફે લાલા રમતુજી ઠાકોર ઉપર આશ્રમની જમીન બાબતે વારંવાર તકરાર થયા બાદ ગોળીબાર કરવામાં આવ્યો હતો.


**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ





હવે મેળવો

**10.01%** દ.વ.*

વાર્ષિકીકૃત ઉપજ 60 મહિના મુદતની

**ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર**

આપની જમા રાશિને 8 વર્ષ 9 માસમાં બમણી કરો!!*

ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825542026 / 9825974100 / 65730141

*કર-પહેલાની વાર્ષિકીકૃત ઉપજ દ.વ. 8.20% દરે 60 મહિના ટર્મ ડિપોઝિટ માટે ત્રિમાસિક ચક્રવૃદ્ધિ ફ્રીક્વન્સીના અનુમાન આધારે જ્યારે વ્યાજ અને મુદ્દલ મુખ્ય પરિપક્વતા પર ચૂકવવામાં આવે છે. *8.00%નાં વાર્ષિક વ્યાજ દરે અને સંચિત વિકલ્પ પર પૂર્વ ટીડીએસ.
નિયમો અને શરતો લાગુ. આ વ્યાજ દરો 9 નવેમ્બર, 2015 થી લાગુ રહે છે અને કોઈપણ પૂર્વ સૂચના વિના ફેરફારને આધીન છે.
DCB Bank Limited

**DCB BANK**


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com